| | |
|---|---|
| રજુ તારીખ | ૦૨–૧૧–૨૦૨૨ |
| દાખલ તારીખ | ૦૨–૧૧–૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૦૮–૧૨–૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | |

सत्यमेव जयते

**મે.પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, મું.માળીયા(મીં.),જી.મોરબી.**

**ફો. કેસ નં.૧૦૦૭/૨૦૨૨**

આંક :______.

**શ્રી સ ર કા ર**

ફરીયાદી

**વિ રૂ ધ્ધ**

**સુલતાનભાઈ હૈદરભાઈ લધાણી**
ઉ.વ.૨૭, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.ખીરઈ ગામ, તા.માળીયા.

આરોપી

બાબત :– આઈ.પી.સી.કલમ–૨૭૯ તથા એમ.વી.એટક કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુના સબબ...

શ્રી સરકાર તરફે વિ.વ.શ્રી એ.પી.પી.શ્રી. એમ.એલ.પંડયા.
આરોપી તરફે વિ. વ. શ્રી એમ.ડી.વાણીયા.

:: ઠ રા વ ::

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ પોતાના હવાલાવાળું વાહન સી એન જી રીક્ષા જેના રજી. નં.જીજે ૦૧ ટીએ ૫૭૬૮ વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નીકળતા ગુન્હો કરતા સદર ફરીયાદ માળીયા પો.સ્ટે. એ પાર્ટ ગુના રજી.નં.૦૭૩૧/૨૦૨૨ થી ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ થી રજીસ્ટર કરવામાં આવેલ જે કામે આરોપીને અટક કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાથી સબબ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.**ત્યારબાદ,સદર કામે આરોપીને સમન્સ કરતા આરોપી અદાલતમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આંક–૦૩ થી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે.જેથી આ કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

**૩.**ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.

**મૌખિક પુરાવો**

૧. આંક–૦૭ થી પંચ એહમદભાઈ મહમદભાઈ જામની જુબાની
૨. આંક–૦૫ થી પંચ જખરભાઈ નુરમામદભાઈ ભટ્ટીની જુબાની

**દસ્તાવેજી પૂરાવો**

૧. આંક–૦૬ થી પંચનામું.

**૪.**ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખીક કે દસ્તાવેજી પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષ ઘ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન નોંઘવામા આવેલ નથી.

**૫.**શ્રી સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.આરોપી પક્ષે વિ.વ.શ્રી ને સાંભળ્યા. સાધનીક રેકર્ડ ઘ્યાને લીધુ.

**૬.**સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**::– મુ દ્દા ઓ –::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ પોતાના હવાલાવાળું વાહન સી એન જી રીક્ષા જેના રજી.નં.જીજે.૦૧.ટીએ. ૫૭૬૮ વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી નીકળી ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ છે ?
૨. શું હુકમ ?

**૭.**ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>–:: નિ ર્ણ યો ::–</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**૮.મુદ્દા નંબર :– ૧ અને ૨ અંગે :–**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય,હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

**૯.**ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આંક–૦૭ થી પંચ એહમદભાઈ મહમદભાઈ જામ નાઓને તથા આંક–૦૫ થી પંચ જખરાભાઈ નુરમામદભાઈ ભટ્ટીનાઓને તપાસવામાં આવેલ છે. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ સોગંદ ઉપર એવી હકીકતો જણાવેલ છે કે,પોલીસે એક તૈયાર પંચનામામાં મારી સહી લીધેલી તેમા શુ લખેલ તેની મને ખબર નથી. આરોપીને જોઈને પોતે ઓળખતા નથી પોલીસે પોતાની હાજરીમા કોઈ કાર્યવાહી કરેલ નથી.આંક–૦૬ વાળા પંચનામાની નકલ બતાવવામા આવે છે જેમા પંચ પોતાની સહી છે જે ઓળખી બતાવે છે. પરંતુ પંચનામા વીશે તેઓને બીજી કોઈ માહીતી નથી. બનાવ વાળી જગ્યાના પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે.પરંતુ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કારી હકીકતો જણાવેલ નથી અને સોગંદઉપર હોસ્ટાઈલ જાહેર થયેલ છે.વિ.એ.પી.પી.શ્રી નાઓએ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હોવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકતો જણાવેલ નથી. આરોપી પક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં પંચ સાહેદે એવી હકીકત સ્વીકારેલ છે કે પોલીસે તૈયાર પંચનામામા સહી કરવાનું કહેતા પોતે સહી કરી આપેલ હતી. આમ આંક–૦૬ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાનું પંચનામું સાબીત થતુ નથી.

**૧૦.**આમ,આ કામે જયારે ફરીયાદ પક્ષના સ્વતંત્ર અને તટસ્થ સાહેદ ગણી શકાય તેવા પંચોની જુબાનીમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યાનું અને સહી કર્યા સિવાય કંઈ જાણતા નહી હોવાનું જણાવેલ છે તે પંચનામું તેઓની જુબાનીથી સાબીત થઈ શકેલ નથી જેથી પોલીસની ફરીયાદવાળા બનાવ બાબતે શંકાઓ ઉપસ્થિત થાય છે.વધુમાં બનાવવાળું સ્થળ જાહેર રસ્તો હોય, સદર કામે ત.ક.અ.એ સ્વતંત્ર સાહેદોને તપાસીને પોતાનો કેસ મજબુત કરી શકતા હોવા છતા પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર

સાહેદોના નીવેદન લેવામાં આવેલ ન હોય તે બાબત ગંભીર પ્રકારની શંકાઓ ઉત્પન્ન કરનારી છે.

**૧૧.**ફરીયાદીપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદોની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો,બનાવ સમયે હાલના આરોપી સ્થળ ઉપર હાજર હતા અને પોતાના હવાલાવાળું વાહન બેદરકારી પુર્વક માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી તે મતલબની હકીકતો પુરવાર થતી નથી તેમજ બનાવ સમયે હાલના આરોપી પોતાનું વાહન ચલાવતા હતા તેવી કડી પુરવાર થતી નથી જેથી ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોના નિવેદનથી સમર્થન મળતુ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી. જેથી મુદા નં.૧ નો ઉતર નકારમાં આપી મુદા નં.૨ અનુસંધાને ન્યાયના હીતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડ,૧૯૭૩ કલમ : ૨૫૫(૧) અન્વયે આરોપી **સુલતાનભાઈ હૈદરભાઈ લઘાણી**નાઓને આઈ.પી.સી.કલમ–૨૭૯ તથા એમ.વી.એટક કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૧૨/૨૦૨૨
માળીયા–મિયાણા.

**(એ.કે.સિંઘ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.
માળીયા(મીં)
**UNIQUE CODE : GJ01295**

**GUJ.STENO.**
**VINAY MAVANI**